ઓગષ્ટ-૨૦૨૪
વર્ષ : ૧૭
અંક : ૦૨
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)



કચ્છી નવું વર્ષ અષાઢી બીજ નિમિત્તે અંજાર ઘટક આયોજીત વિરામામાની પેડીમાં ઉપસ્થિત મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી સાથે મહાસભા, કચ્છ પ્રાદેશિક એવં અંજાર ઘટકના હોદ્દેદારશ્રીઓ...



અષાઢી બીજના શુભ દિને રાયપુરમાં નિર્માણ થનાર અત્યાધુનિક સુવિધા સાથેના સમાજ ભવનનું ખાત મુહુર્ત જાણીતા કૃષિ પંડીત ડૉ. શ્રી નારાયણભાઈ મોનજીભાઈ ચાવડાજીના વરદ હસ્તે સંપન્ન થયાની તસ્વીર...

પધારો વારાણસી — પધારો વારાણસી — પધારો વારાણસી

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની સભા

વારાણસી (ઉત્તરપ્રદેશ)

તારીખ : ૦૭ અને ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૪, શનિવાર, રવિવાર

અયોધ્યામાં શ્રી રામલલ્લાના દિવ્ય દર્શન

શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગના દિવ્ય દર્શન

*If undelivered please return to :*

**Setu Samaj Sandesh**

*C/o. Shree K.G.K. Samaj Bhavan*
*Nr. Townhall,*
*ANJAR - KUTCH 370 110.*
*Ph. : (02836) 246511*

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258



Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| વિદ્યાદાન મહાદાન ||   || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ ||   || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૨ ઓગષ્ટ-૨૦૨૪



માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

**: પ્રેરણા સ્ત્રોત :**

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

## તંત્રી સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું અને ૧૨૭ ઘટકના સમાજબાંધવોને એક તાંતણે બાંધવા માટે તેને સમાજની મુખ્ય ધારામાં આ ૧૨૭ ઘટકના અંદાજીત ૬૦૦૦૦ની જનસંખ્યા સુધી સમાજ કાર્યની સુવાસ પહોંચાડવા, તેમની સાથે પરોક્ષ સંવાદ કરવા, સમાજબાંધવોની લાગણીઓને વાચા આપવા, સમાજ ઉત્કર્ષના મહાસભા, પ્રાદેશિક, ઘટક દ્વારા કરવામાં આવતા પ્રયાસો અને તેનો લાભ દરેક સમાજબંધુ સુધી પહોંચે તેવા અનેક ઉદ્દેશને સાથે લઇને સમાજનું મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ' કાર્યરત છે. 'સેતુ સમાજ સંદેશ'ની સફળતાનો આધાર આપ સૌના સહયોગ વગર સંભવ નથી. 'સેતુ સમાજ સંદેશ'ની સંચાલન સમિતિ તેમજ સમાજના કાર્યકર્તાઓના અવિરત પ્રયત્નથી આ સમાજનું મુખપત્ર અનેક વર્ષોથી પોતાની સેવા આપી રહ્યું છે.

મહાસભાની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થયાની ઉજવણી નિમિત્તે એક 'સેતુ સમાજ સંદેશ' વધુ લોકો સુધી પહોંચે તે માટે તેના આજીવન લવાજમમાં રાહતદરની ઘોષણા કરી પ્રોત્સાહન યોજના દ્વારા સદસ્ય સંખ્યા વૃદ્ધિ પણ કરી. આજે ૬૦૦૦ પરિવારમાં આ મુખપત્ર પહોંચી રહ્યું છે તેમજ હવેથી તેની ડીજીટલ કોપી પણ પ્રસિદ્ધ કરવામાં આવતી હોવાથી દેશ-વિદેશમાં રહેતા સમાજના ભાઇઓ સુધી સહજ રીતે પહોંચી રહ્યું છે. જેથી એમ કહી શકાય કે 'સેતુ સમાજ સંદેશ' હવે દરેક પરિવાર સુધી પહોંચી રહ્યું છે તે આપણ સૌ માટે 'સેતુ' નિર્માણ સ્થિતિ પૂર્ણ થઇ છે.

હવે મારા શીરે 'સેતુ સમાજ સંદેશ'ના તંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે આપ સૌને ખાત્રી આપું છું કે, આ મુખપત્ર સમાજ ઉત્કર્ષના પ્રયાસો માટે નિષ્ઠાપૂર્વક પોતાની ભૂમિકા ભજવવામાં કાંઇ બાકી નહીં રાખે અને આ મુખપત્ર સમાજ હેતુ માટે નિરંતર કાર્ય કરતું રહે એજ આપણા સૌની ફરજ બને છે. આ માટે કેટલાક ચેલેન્જીસો પણ છે. પરંતુ તેને સમાધાનીત કરવા અમારા પ્રયત્નોની સાથે આપના સહકારની પણ અમો અપેક્ષા રાખીએ છીએ. આપ સૌનો વિશ્વાસ પૂર્ણ સાથ-સહકાર મળશે એજ આશા સાથે જય સમાજ...

માનદ્ તંત્રીશ્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

**મહાસભા વેબસાઇટ**
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
*E-mail : setusamaj@gmail.com*

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક
દ્વારા આયોજીત

## દશેરા (વિજયાદશમી) સમુહ લગ્નોત્સવ-૨૦૨૪

આથી સમાજના તમામ ઘટકોના સમાજબાંધવોને ખુશી સાથે જણાવવાનું કે, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા દર વર્ષની જેમ આગામી દશેરા (આસો સુદ-૧૦ વિજયાદશમી)ને તા.૧૩-૧૦-૨૦૨૪, રવિવારના દિવસે ૧૪મા સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉત્સાહભેર ભાગ લેવા વિનંતી છે. આ સમુહલગ્નોત્સવમાં ભાગ લેનાર તમામ કન્યાપક્ષના શુલ્કના કાયમી દાતા આદરણીય 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર-માધાપર અને પાનેતરના કાયમી દાતા શ્રીમતી નીતાબેન વિનોદભાઈ સોલંકી - માધાપર દ્વારા પાનેતર આપવામાં આવશે.

**તમામ કન્યાના શુલ્કના દાતાશ્રી**



'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
પ્રમુખશ્રી અ.ભા.ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

**પાનેતરના કાયમી દાતાશ્રી**



શ્રીમતી નીતાબેન વિનોદભાઈ સોલંકી
ઉપપ્રમુખ અ.ભા.ક.ગુ.ક્ષ. સમાજ મહિલા મહામંડળ

**કુમકુમ પત્રિકાના કાયમી દાતાશ્રી**



શ્રી બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર
ઉપપ્રમુખશ્રી અ.ભા.ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

**:: વધુ માહિતિ માટે સંપર્ક :**



શ્રી જયંતીલાલ વલમજીભાઈ વાઘેલા
પ્રમુખશ્રી, માધાપર ઘટક
મો. ૯૪૨૮૦૩૩૩૨૦





શ્રી દિપકભાઈ નરશીભાઈ ચૌહાણ
અધ્યક્ષશ્રી, સમુહ લગ્ન સમિતિ
માધાપર ઘટક, મો. ૯૯૭૯૪૦૭૪૩૫





શ્રી કાંતિલાલ પુરૂષોત્તમભાઈ ચૌહાણ
મંત્રીશ્રી, માધાપર ઘટક
મો. ૯૪૨૭૨૫૦૧૬૦

**નોંધ :- સમુહ લગ્ન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૫-૯-૨૦૨૪**

|| જય સીયારામ ||

## સમાજના હૃદય સમ્રાટને હાર્દિક અભિનંદન



**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**

**નવનિર્વાચીત પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

આદરણીય શ્રી... વડોદરા મુકામે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખશ્રી તરીકે આપની થયેલ ગરિમામય નિયુક્તિ બદલ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - માંડવી ઘટકના તમામ સમાજબાંધવો ખુબજ હર્ષની લાગણી અનુભવે છે અને આપશ્રીને અંતરની શુભકામના પાઠવે છે. માંડવી ઘટકના હિતેચ્છુ, માર્ગદર્શક અને વંદનિય એવા આપશ્રીના પ્રમુખ પદ હેઠળ સમાજનો સર્વાંગી ઉત્કર્ષ થાય એવી શુભેચ્છાઓ... જય સીયારામ...

:: શુભેચ્છક ::

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માંડવી ઘટક**
**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માંડવી મહિલા મંડળ**
**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માંડવી યુવા મંડળ**

## હાર્દિક અભિનંદન



# કપિલ

**રાજેશભાઈ ચાવડા**
**(MBA)**

મુળ ગામ : રેહા,
હાલ : માધાપર (કચ્છ)

કુળદેવી મા શ્રી બ્રહ્માણી માતાજીની અસીમ કૃપાથી આપશ્રીએ MBA Finance - CPI 8.41 ડિસ્ટીંકશનથી પાસ કરીને સફળતા મેળવેલ છે. આ સિદ્ધી પ્રાપ્ત કરી આપે આપણા સમાજ અને ચાવડા કુટુંબનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના સહ વડીલો તથા માતા-પિતાના આશીર્વાદ...

:: શુભેચ્છક ::

ગં.સ્વ. લીલાવંતીબેન મોરારભાઈ ચાવડા – દાદી
શ્રી રાજેશભાઈ મોરારભાઈ ચાવડા – પિતા
શ્રીમતી ગીતાબેન રાજેશભાઈ ચાવડા – માતા
તથા સમસ્ત ચાવડા પરિવાર તરફથી હાર્દિક શુભકામના...



*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho

Subscribe to my YouTube

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ



વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644

**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**
**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**
**ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**
**Madhapar Office :** Shree Ram Group of Industries, Juna Vaas, Main Bazar, Po. Madhapar (Bhuj-Kutch) 370020, **Mob. 9925229079**

## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની તત્કાલ સામાન્ય સભા તા. ૯-૬-૨૦૨૪, રવિવારના રોજ વડોદરા મધ્યે સંપન્ન થઇ ત્યાર બાદ લગભગ દોઢ માસના સમયગાળા દરમ્યાન મહાસભાની દરેક પ્રવૃત્તિઓ વ્યવસ્થિત અને પારદર્શીતાથી ચાલે તેમજ સમાજબંધુઓમાં મહાસભાની ગરિમા વધે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેને સમાજબંધુઓ મળે છે તેમની સાથે ચર્ચા-વિચારણા કરી સમાજ ઉત્કર્ષના કાર્યોને વધુ વેગ મળે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વડોદરા ઘટક દ્વારા મહાસભાના નવનિર્વાચીત પ્રમુખશ્રીનું જાહેર અભિવાદન બાદ માધાપર ઘટક, હાજાપર ઘટક, ઔરંગાબાદ ઘટક, કે.જી.કે. સરગમ મ્યુઝીક ગ્રુપ, અંજાર ઘટક, કન્યા છાત્રાલય અને ગડપાદર ઘટક દ્વારા સન્માન કરીને સમાજબંધુઓએ શુભેચ્છા વ્યક્ત કરી છે તે બદલ તેઓનો આભાર વ્યક્ત કરું છું.

આપણા દરેક ઘટકોમાં ભવ્ય સમાજભવન બને તેવા પ્રયત્નો કરવા સદાય તત્પર રહું છું. આ કડીમાં સુરેન્દ્રનગર ઘટકમાં સમાજ ભવનમાં જે કઇ અધુરાશો હતી તે પુરી કરવા ઘટક પ્રમુખ શ્રી હસમુખભાઇ ટાંક દ્વારા રજુઆત કરવામાં આવી હતી તેના માટે મારા તરફથી રૂા. ચાર લાખનું અનુદાન અર્પણ કરી સમાજ ભવન સારી રીતે પરીપૂર્ણ થાય તેવી શુભેચ્છા આપેલ છે.

ભવ્ય સમાજભવનોના નિર્માણની કડીમાં રાયપુર ઘટક દ્વારા અદ્યતન સુવિધાસભર સમાજ ભવન નિર્માણ કરવા માટે અષાઢી બીજના કચ્છી નવા વર્ષે બહોળી સંખ્યામાં સમાજબંધુઓની હાજરીમાં ભુમિપુજન કરવામાં આવ્યું છે. તે માટે રાયપુર ઘટકની પુરી ટીમને ખુબ ખુબ ધન્યવાદ પાઠવું છું અને સમાજ ભવન નિર્માણનું આપનું લક્ષ્ય જેમ બને તેમ જલ્દીથી પરિપૂર્ણ થાય તેવી શુભકામના પાઠવું છું.

સમાજમાં જે કામ કરે તેની ભુલ થાય તે હકીકત છે માત્ર બહાર રહીને સુફીયાણી સલાહ આપનારની કોઇ ભુલ નહીં થાય પરંતુ આપણે આપણા વાણી-વર્તન-વ્યવહાર જ એટલા પારદર્શક રાખીએ કે કોઇને પણ કંઇ પણ કહેવાનો મોકો ન આપીએ. પારદર્શક વહીવટની શરૂઆત આર્થિક વ્યવહારથી જ થાય અને એટલે જ આપણે મહાસભામાં કામ કરતી કેટલીક સમિતિઓ કે જે નાણાંકીય વ્યવસ્થા સાથે સંકળાયેલા છે તેમાં ખાસ કરીને સેતુ સમાજ સંદેશ, સંજીવની, અભિલાષા, અન્નપુર્ણા, અંજાર કાર્યાલય, રાયપુર કાર્યાલય, મેરેજ બ્યુરો જેવી સમિતિએ કરેલ કાર્યનો દર મહિનાનો હિસાબ સમાજબંધુઓને આપવાનું નક્કી કરેલ છે અને મને કહેતા આનંદ થાય છે કે મારા સંનિષ્ઠ હોદ્દેદારશ્રીઓએ એપ્રિલ, મે અને જુન એમ ત્રણ માસનો હિસાબ મોકલાવેલ છે અને સેતુ સમાજ સંદેશમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ જ રીતે દર મહિને દરેક નાણાંકીય હિસાબ પ્રકાશિત કરી સમાજબાંધવોને વહિવટની પારદર્શિતાના દર્શન કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. સાથે સાથે મહાસભા દ્વારા આયોજીત કોઇપણ કાર્યક્રમ, અધિવેશન કે સમારંભનો હિસાબ પણ ત્વરિત તૈયાર કરી સેતુ સમાજ સંદેશમાં આપવામાં આવશે. ગાંધીનગર ખાતે યોજાયેલ મેરેજ બ્યુરો અને વડોદરા ખાતે યોજાયેલ મહાસભાની તત્કાલ સામાન્ય સભાનો હિસાબ પણ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત કરવામાં આવેલ છે. આપ સૌને તેનો અભ્યાસ કરી આપના યોગ્ય સુચનો મોકલાવવા વિનંતી કરું છું. ભવિષ્યમાં પણ અધિવેશન કે અર્ધવાર્ષિક બેઠક કે સગપણ સંમેલનોનો હિસાબ ત્વરીત તૈયાર કરી સમાજને આપવાની બાંહેધરી લઇને જ આયોજન કરવામાં આવશે. આપ સૌના સાથ-સહકારની સંપૂર્ણ અપેક્ષા સહ... જય સમાજ...

**'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - પ્રમુખશ્રી મહાસભા**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## મેરેજ બ્યુરો સમિતિ આયોજીત સગપણ સંમેલન - ગાંધીનગરનો હિસાબ

| આવક | | જાવક | |
|---|---|---|---|
| શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા | ૧,૫૧,૦૦૦ | પ્રેક્ષાભારતી સંકુલ ભાડું | ૪,૪૧,૦૦૦ |
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૫૧,૦૦૦ | પાણી બોટલ ખર્ચ | ૨,૦૦૦ |
| શ્રી મનોજભાઇ પી. સોલંકી - માધાપર | ૫૧,૦૦૦ | સાઉન્ડ-માઇક સિસ્ટમ | ૧૭,૫૦૦ |
| શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૫૧,૦૦૦ | બપોરે જમવાનું ખર્ચ | ૩,૨૦૦ |
| શ્રી સમાજપ્રેમી દાતાશ્રી 'રામ ભરોસે' - રાયપુર | ૫૧,૦૦૦ | એલ.ઇ.ડી.-કુલર ભાડું | ૧૯,૦૦૦ |
| 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન એસ. જેઠવા - અંજાર | ૨૫,૦૦૦ | એકસ્ટ્રા રૂમ ભાડું | ૭,૫૦૦ |
| શ્રી વિપિનભાઇ રાઠોડ - બેંગ્લોર | ૨૫,૦૦૦ | ડેકોરેશન ખર્ચ | ૪૦,૦૦૦ |
| શ્રી સુભાષભાઇ ચાવડા - વડોદરા | ૨૫,૦૦૦ | કેટરીંગ ખર્ચ | ૧,૮૫,૦૦૦ |
| શ્રી પ્રફુલભાઇ કે. પરમાર - રાજનાંદગાંવ | ૧૧,૦૦૦ | ટીપ્સ | ૩,૦૦૦ |
| શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અમદાવાદ ઘટક | ૧૧,૦૦૦ | શાલ, સ્ટેશનરી, બેનર, આઇકાર્ડ, સ્ટીકર, | |
| રજીસ્ટ્રેશન પેટે મળેલ રકમ | ૪,૭૮,૦૦૦ | પાસ, ભોજન પાસ | ૧૫,૨૦૦ |
| હિતેશભાઇ મગનભાઇ વરૂ - રાયપુર | ૧૧,૦૦૦ | પ્રચાર-પ્રસાર ખર્ચ | ૨૪,૨૧૦ |
| | | સેતુ સમાજ સંદેશ - પેજ ૧ | ૬,૦૦૦ |
| | | કુલ ખર્ચ | ૭,૬૩,૬૧૦ |
| | | સંમેલનની કુલ બચત | ૧,૭૭,૩૯૦ |
| કુલ | ૯,૪૧,૦૦૦ | કુલ | ૯,૪૧,૦૦૦ |

સંમેલનની કુલ બચત રૂા. ૧,૭૭,૩૯૦/- માંથી ૧,૦૨,૦૦૦/- મહાસભાના એકાઉન્ટમાં જમા કરાવ્યા છે. અને રૂા. ૭૫,૩૯૦/- મેરેજ બ્યુરો સમિતિ પાસે હાથ પર જમા રહેલ છે. સમિતિના પ્રભારી શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી - ભુજ ને ખુબ ખુબ અભિનંદન...

## મહાસભાની તત્કાલ સામાન્ય સભા તા. ૯/૬/૨૦૨૪ - વડોદરાનો હિસાબ

| | | | | |
|---|---|---|---|---|
| મહાસભા તરફથી સહયોગ રાશી (ઓનલાઇન ટ્રાન્સફર) | | ૧,૦૦,૦૦૦ | હોટલ ટેલીકોસને ચુકવેલ બીલ | ૨૫,૭૦૦ |
| પ્રતિનિધિ રજીસ્ટ્રેશનની રકમ | | ૫૮,૯૦૦ | સવારનો નાસ્તો | ૧૧,૦૦૦ |
| મહાનુભાવો તરફથી ઉતારા માટેનું અનુદાન | | ૨૪,૨૦૧ | બપોરનું ભોજન | ૫૭,૫૦૦ |
| શ્રી જીતેન્દ્રભાઇ પરમાર - બાલાઘાટ | ૫,૦૦૦ | | ફરાસખાના તથા ફુલહાર પુષ્પગુચ્છ | ૧૮,૦૫૦ |
| મુંબઇ ઘટક - હ. હિરાલાલભાઇ ખોડિયાર | ૫,૦૦૦ | | વાહન ગાડી ભાડું | ૧૬,૫૦૦ |
| કલ્યાણ ઘટક - હ. જયેન્દ્રભાઇ રાઠોડ | ૨,૫૦૦ | | બેનર પ્રિન્ટીંગ તથા ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી | ૧૨,૦૦૦ |
| શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર - રાઉરકેલા | ૨,૫૦૦ | | ઇલેકટ્રીક ચાર્જીસ | ૧૦,૦૦૦ |
| શ્રી અરૂણભાઇ ચૌહાણ - ગાંધીધામ | ૨,૫૦૦ | | સમાજ ભવન રૂમોનું હાઉસ કીપીંગ | ૭,૨૦૦ |
| શ્રી હેમંતભાઇ ગોહિલ - રાયપુર | ૨,૧૦૦ | | ફોલ્ડર અને સ્ટેશનરી | ૧૦,૦૭૯ |
| શ્રી દિલીપભાઇ ચૌહાણ - ચંદ્રપુર | ૧,૫૦૦ | | સાંજનું ભોજન | ૮,૦૦૦ |
| શ્રી વિશ્વંભરભાઇ રાઠોડ - જયપુર | ૧,૫૦૦ | | સાઉન્ડ સિસ્ટમ | ૬,૦૦૦ |
| શ્રી કુંવરજીભાઇ ટાંક - નાગલપર | ૧,૧૦૦ | | વડોદરા ઘટકને આપ્યા | ૧,૦૭૨ |
| શ્રી ગિરીશભાઇ ચૌહાણ - માધાપર | ૫૦૧ | | | |
| કુલ | | ૧,૮૩,૧૦૧ | કુલ | ૧,૮૩,૧૦૧ |

આ ઉપરાંત મહાસભાની મીટીંગ તેમજ નવ નિર્વાચીત પ્રમુખશ્રીના વડોદરા ઘટક વતિ જાહેર સન્માન માટે નીચે મુજબ પ્રાયોજનશીપનો સહયોગ મળેલ છે.

| | |
|---|---|
| (૧) બપોરનું ભોજન - શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા | ૫૧,૦૦૦ |
| (૨) સવારનો નાસ્તો - શ્રી જેઠાલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર | ૧૧,૦૦૦ |
| (૩) સાંજના ચા-નાસ્તો - શ્રી ભાવેશભાઇ જયસુખભાઇ પરમાર | ૫,૦૦૦ |
| (૪) સાંજની મીઠાઇ - સ્વ. નિમેષ રાજેન્દ્રભાઇ પરમાર (હ. રાજેન્દ્રભાઇ પરમાર) | ૧૧,૦૦૦ |
| (૫) રાતનો આઇસ્ક્રીમ - શ્રીમતી કિરણબેન પ્રભુલાલભાઇ રાઠોડ | ૧૧,૦૦૦ |
| (૬) આ અવસરે વડોદરા ઘટકને ભવન રૂમના દાતા સ્વ. મહેશભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - ભુજ હસ્તે સોલંકી પરિવાર માધાપર | ૫,૦૦,૦૦૦ |
| (૭) વડોદરા ઘટકના પાર્કીંગ એરીયાના મુખ્ય દાતાશ્રી - મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામ | ૧,૨૫,૦૦૦ |
| (૮) વડોદરા ઘટક દ્વારા આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોને મહાનુભાવો દ્વારા નું પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યું હતું. | ૩૫,૫૦૦ |

વડોદરા ઘટક, પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ અને ખજાનચી શ્રી અમૃતલાલભાઇ ટાંકને ખૂબ ખૂબ અભિનંદન...

## સેતુ સમાજ સંદેશ

| આવક | (એપ્રિલ-૨૦૨૪) | જાવક | |
|---|---|---|---|
| આજીવન શુલ્ક | ૦૦ | પ્રિન્ટીંગ બીલ | ૧,૬૫,૩૭૫ |
| વાર્ષિક શુલ્ક | ૦૦ | ગ્રાફીક્સ બીલ | ૩૪૫૪૨ |
| વાર્ષિક સહયોગ રાશી | ૩૫,૦૦૦ | પોસ્ટીંગ ખર્ચ | ૬,૦૦૦ |
| માસિક સહયોગ રાશી | ૧,૨૯,૮૦૦ | લેબલ - ટીકીટ પેસ્ટીંગ | ૨,૦૦૦ |
| અન્ય ભેટની રકમ | ૦૦ | અન્ય | ૦૦ |
| કુલ આવક | ૧,૬૪,૮૦૦ | કુલ જાવક | ૨,૦૭,૯૧૭ |
| | | કુલ માસિક તોટાળો | -૪૩૧૧૭ |

માસ એપ્રિલ-૨૦૨૪ના ઉઘરાણીની બાકી રહેલ રકમ ૦૦.૦૦

| આવક | (મે-૨૦૨૪) | જાવક | |
|---|---|---|---|
| આજીવન શુલ્ક | ૦૦ | પ્રિન્ટીંગ બીલ | ૧,૫૩,૭૨૦ |
| વાર્ષિક શુલ્ક | ૦૦ | ગ્રાફીક્સ બીલ | ૩૧,૩૬૨ |
| વાર્ષિક સહયોગ રાશી | ૦૦ | પોસ્ટીંગ ખર્ચ | ૬,૦૦૦ |
| માસિક સહયોગ રાશી | ૯૯,૦૦૦ | લેબલ - ટીકીટ પેસ્ટીંગ | ૨,૦૦૦ |
| અન્ય ભેટની રકમ | ૦૦ | અન્ય | ૦૦ |
| કુલ આવક | ૯૯,૦૦૦ | કુલ જાવક | ૧,૯૩,૦૮૨ |
| | | કુલ માસિક તોટાળો | -૯૪૦૮૨ |

માસ મે-૨૦૨૪ના ઉઘરાણીની બાકી રહેલ રકમ ૦૦.૦૦

| આવક | (જુન-૨૦૨૪) | જાવક | |
|---|---|---|---|
| આજીવન શુલ્ક | ૦૦ | પ્રિન્ટીંગ બીલ | ૧,૧૧,૩૦૦ |
| વાર્ષિક શુલ્ક | ૦૦ | ગ્રાફીક્સ બીલ | ૨૭,૭૨૨ |
| વાર્ષિક સહયોગ રાશી | ૦૦ | પોસ્ટીંગ ખર્ચ | ૬,૦૦૦ |
| માસિક સહયોગ રાશી | ૬૯,૫૦૦ | લેબલ - ટીકીટ પેસ્ટીંગ | ૨,૦૦૦ |
| અન્ય ભેટની રકમ | ૦૦ | અન્ય | ૦૦ |
| કુલ આવક | ૬૯,૫૦૦ | કુલ જાવક | ૧,૪૭,૦૨૨ |
| | | કુલ માસિક તોટાળો | -૭૭૫૨૨ |

માસ જુન-૨૦૨૪ના ઉઘરાણીની બાકી રહેલ રકમ ૦૦.૦૦

# રાયપુર કાર્યાલય

| આવક | | (એપ્રિલ-૨૦૨૪) જાવક | |
|---|---|---|---|
| એફ.ડી.ના વ્યાજ | ૬,૬૬૬.૦૦ | સેલેરી | ૨૩,૦૦૦.૦૦ |
| સેવિંગ એકાઉન્ટના વ્યાજ | ૦૦ | સ્ટેશનરી | ૧૦૦.૦૦ |
| | | કુલ બચત | -૧૬,૪૩૪.૦૦ |
| કુલ આવક | ૬,૬૬૬.૦૦ | કુલ | ૬,૬૬૬.૦૦ |

| આવક | | (મે-૨૦૨૪) જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૨૦,૩૬૨.૦૦ | નિરાશ્રિત | ૩૦,૦૦૦.૦૦ |
| સેવિંગ એકાઉન્ટના વ્યાજ | ૮૯૬.૦૦ | ટીડીએસ | ૩૧,૨૯૩.૦૦ |
| મેરેજ બ્યુરો ડોનેશન | ૫૨,૦૦૦.૦૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| | | સ્ટેશનરી | ૨૪૦.૦૦ |
| | | મહાસભા મિટિંગ | ૧,૦૦,૦૦૦.૦૦ |
| | | કુલ બચત | -૧,૧૧,૨૭૫.૦૦ |
| કુલ | ૭૩,૨૫૮.૦૦ | કુલ | ૭૩,૨૫૮.૦૦ |

| આવક | | (જુન-૨૦૨૪) જાવક | |
|---|---|---|---|
| એફ ડીના વ્યાજ | ૧,૬૨,૫૨૧.૦૦ | નિરાશ્રિત | ૬,૦૦૦.૦૦ |
| સેવિંગ એકાઉન્ટના વ્યાજ | ૩૬૬.૦૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| મેરેજ બ્યુરો ડોનેશન | ૫૦૦.૦૦ | સ્ટેશનરી | ૬૨૦.૦૦ |
| | | ડોમેન રિન્યુઅલ | ૧,૬૫૧.૦૦ |
| | | જુમ સબક્રિપ્શન | ૪,૦૦૦.૦૦ |
| | | કુલ બચત | ૧,૨૮,૧૧૬.૪૦ |
| કુલ | ૧,૬૩,૩૮૭.૦૦ | કુલ | ૧,૬૩,૩૮૭.૪૦ |

# અભિલાષા

| આવક | | (એપ્રિલ-૨૦૨૪) જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી - માધાપર | ૫,૦૦૦ | ભિલાઇ - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦ |
| શ્રી ભગવાનલાલ રણછોડ ટાંક - નડીયાદ | ૧,૦૦૦ | રાઉરકેલા - લાભાર્થી : ૧ | ૫,૦૦૦ |
| શ્રી પથિક નિતીન ટાંક | ૨,૦૦૦ | | |
| શ્રી જીતેશભાઇ દામજી ચૌહાણ - કુકમા | ૧૧,૦૦૦ | | |
| કુલ | ૧૯,૦૦૦ | કુલ - લાભાર્થી : ૨ | ૧૫,૦૦૦ |

| આવક | | (મે-૨૦૨૪) જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી - માધાપર | ૫,૦૦૦ | --- | --- |
| શ્રી ભગવાનલાલ રણછોડ ટાંક - નડીયાદ | ૧,૦૦૦ | | |
| શ્રી મંથન બિપીનભાઇ સોલંકી - અંજાર | ૧૧,૦૦૦ | | |
| શ્રી વલમજીભાઇ પી. વાઘેલા - આદીપુર | ૬,૦૦૦ | | |
| કુલ | ૨૩,૦૦૦ | --- | --- |

| આવક | | (જુન-૨૦૨૪) જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી - માધાપર | ૫,૦૦૦ | ભિલાઇ - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦ |
| શ્રી ભગવાનલાલ રણછોડ ટાંક - નડીયાદ | ૧,૦૦૦ | ગોંદીયા - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦ |
| શ્રી દામજીભાઇ વરૂ - માધાપર | ૧,૦૦૦ | | |
| શ્રી ડૉ. દેવેન્દ્રભાઇ વ્રજલાલ પરમાર - ભુજ | ૨,૧૦૦ | | |
| કુલ | ૯,૧૦૦ | કુલ : લાભાર્થી - ૨ | ૨૦,૦૦૦ |

માસ એપ્રિલ-૨૦૨૪ થી જુન-૨૦૨૪

મળેલ દાન : ૫૧,૧૦૦ શિક્ષણ સહાય : ૩૫,૦૦૦ લાભાર્થી : ૪ ઘટક : ૩

# સંજીવની

### (એપ્રિલ-૨૦૨૪)

| આવક | | જાવક | |
|---|---|---|---|
| પથિકભાઇ નિતિનભાઇ ટાંક - આદીપુર | ૧,૦૦૦ | ચીરમીરી ઘટક - લાભાર્થી : ૧ | ૧૫,૦૦૦.૦૦ |
| 'સમાજરત્ન' વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૫,૦૦૦ | બેંક ચાર્જીસ | ૧૭.૭૦ |
| જય સમાજ | ૨૫૦ | આદીપુર ઘટક - લાભાર્થી : ૧ | ૨,૦૦૦.૦૦ |
| સુભાંશુભાઇ સાવરીયા | ૧,૦૦૦ | બિલાસપુર ઘટક - લાભાર્થી : ૧ | ૩૦,૦૦૦.૦૦ |
| રાઘવભાઇ અશોકભાઇ ટાંક - નાગપુર | ૨,૦૦૦ | સિનુગ્રા ઘટક - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦.૦૦ |
| એકલામ પ્રો સિસ્ટમ | ૨,૧૦૦ | બેંક ચાર્જીસ | ૧૧૮.૦૦ |
| ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧,૦૦૦ | મુંબઇ ઘટક - લાભાર્થી : ૧ | ૧૦૦૦ |
| પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ | ૧,૦૦૦ | | |
| જય સમાજ | ૧૨,૦૦૦ | | |
| જય સમાજ | ૫૦૦ | | |
| કે.જી.કે. ખોડીયાર ચુડાસમા માતાજી દેવસ્થાન - અંજાર | ૫,૧૦૦ | | |
| પથિકભાઇ નિતિનભાઇ ટાંક - આદીપુર | ૨,૦૦૦ | | |
| વલ્લભભાઇ પ્રેમજીભાઇ વાઘેલા - હાજાપર | ૬,૦૦૦ | | |
| જીગ્નેશભાઇ મગનલાલ જેઠવા - કલ્યાણ | ૫,૦૦૦ | | |
| કુલ | ૪૩,૯૫૦ | કુલ | ૫૮,૧૩૫.૭૦ |

| | |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૩,૨૧,૩૮૫.૦૧ |
| + આવકની કુલ રકમ | ૪૩,૯૫૦.૦૦ |
| - જાવકની કુલ રકમ | ૫૮,૧૩૫.૭૦ |
| તા. ૩૦-૦૪-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૩,૦૭,૧૯૯.૩૧ |

### (મે-૨૦૨૪)

| આવક | | જાવક | |
|---|---|---|---|
| જય સમાજ | ૨૫૦ | ઔરંગાબાદ ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦ |
| પથિકભાઇ નિતિનભાઇ ટાંક - આદીપુર | ૧,૦૦૦ | દ્વારકા ઘટક - લાભાર્થી : ૧ | ૧૬,૦૦૦ |
| જય સમાજ | ૨,૦૦૦ | ગોંદિયા ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦ |
| જય સમાજ | ૧,૦૦૦ | મેઘપર - લાભાર્થી : ૧ | ૫૦,૦૦૦ |
| 'સમાજરત્ન' વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૫,૦૦૦ | | |
| રાઘવભાઇ અશોકકભાઇ ટાંક - નાગપુર | ૨,૦૦૦ | | |
| સુભાંશુભાઇ સાવરીયા | ૧,૦૦૦ | | |
| ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧,૦૦૦ | | |
| મનોહર વિરમભાઇ ટાંક - અમદાવાદ | ૧૨,૦૦૦ | | |
| જય સમાજ | ૬,૩૦૦ | | |
| મયુરી | ૨૪,૦૦૦ | | |
| હોટલ સુરભી (ભોગીલાલ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા) | ૧૦,૦૦૦ | | |
| નિતિનભાઇ માધવજીભાઇ વરૂ - રાઉરકેલા | ૨,૦૦૦ | | |
| જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ | ૫,૦૦૦ | | |
| પાર્વતીબેન જયંતિભાઇ જેઠવા - કલ્યાણ | ૩,૬૦૦ | | |
| કુલ | ૭૬,૧૫૦ | કુલ | ૭૨,૦૦૦ |

| | |
|---|---|
| તા. ૩૦-૦૪-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૩,૦૭,૧૯૯.૩૧ |
| + આવકની કુલ રકમ | ૭૬,૧૫૦.૦૦ |
| - જાવકની કુલ રકમ | ૭૨,૦૦૦.૦૦ |
| તા. ૩૧-૦૫-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૩,૧૧,૩૪૯.૩૧ |

### (જુન-૨૦૨૪)

| આવક | | જાવક | |
|---|---|---|---|
| જય સમાજ | ૨,૦૦૦ | મુંબઇ ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| 'સમાજરત્ન' વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૫,૦૦૦ | આદીપુર ઘટક - લાભાર્થી : ૧ | ૬,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૨૫૦ | બેંક ચાર્જીસ | ૭.૦૮ |
| બચત ખાતાનું વ્યાજ | ૨,૧૨૬ | રાયપુર ઘટક - લાભાર્થી : ૧ | ૫૦,૦૦૦.૦૦ |
| એકલામ પ્રો સિસ્ટમ | ૨,૫૦૦ | બિસ્તુપુર ઘટક - લાભાર્થી : ૧ | ૬,૦૦૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| જય સમાજ | ૨,૦૦૦ | જગદલપુર ઘટક - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦.૦૦ |
| સંદિપભાઇ પ્રભુલાલ ચાવડા - પુના | ૬૦,૦૦૦ | રાજનાંદગાંવ ઘટક - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦.૦૦ |
| સુભાંશુભાઇ સાવરીયા | ૧,૦૦૦ | ધનબાદ ઘટક - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૧,૦૦૦ | બિલાસપુર ઘટક - લાભાર્થી : ૧ | ૬,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૧,૦૦૦ | રેહા ઘટક - લાભાર્થી : ૧ | ૪૦,૦૦૦.૦૦ |
| ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧,૦૦૦ | મુંબઇ (થાણા) ઘટક - લાભાર્થી : ૧ | ૧૫,૦૦૦.૦૦ |
| રોકડ બેંકમાં ડીપોઝીટ | ૨,૧૦૦ | | |
| જય સમાજ | ૨,૧૦૦ | | |
| જીગ્નેશભાઇ મગનલાલ જેઠવા - કલ્યાણ | ૫,૦૦૦ | | |
| એફ.ડી. વ્યાજ | | | |
| એફ.ડી. વ્યાજ | ૩,૬૯૮ | | |
| એફ.ડી. વ્યાજ | ૨,૨૪૪ | | |
| એફ.ડી. વ્યાજ | ૨,૭૦૦ | | |
| એફ.ડી. વ્યાજ | ૧,૮૪૯ | | |
| એફ.ડી. વ્યાજ | ૧,૩૦૧ | | |
| એફ.ડી. વ્યાજ | ૧,૩૦૦ | | |
| એફ.ડી. વ્યાજ | ૧,૪૨૮ | | |
| એફ.ડી. વ્યાજ | ૯૫૬ | | |
| એફ.ડી. વ્યાજ | ૯૨૪ | | |
| ટોટલ | ૧,૦૮,૦૬૬ | કુલ | ૧,૫૬,૦૦૭.૧૦ |

| | |
|---|---|
| તા. ૩૧-૦૫-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૩,૧૧,૩૪૯.૩૧ |
| + આવકની કુલ રકમ | ૧,૦૮,૦૬૬.૦૦ |
| - જાવકની કુલ રકમ | ૧,૫૬,૦૦૭.૦૮ |
| તા. ૩૦-૦૬-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૨,૬૩,૪૦૮.૨૩ |

## અન્નપુર્ણા યોજના

| આવક | (એપ્રિલ થી જુન -૨૦૨૪) | જાવક | |
|---|---|---|---|
| ----- | ----- | માયાબેન અજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૧,૦૦૦ |
| | | કુમુદ હીરાલાલ સોલંકી - ઔરંગાબાદ | ૩,૦૦૦ |
| | | બીનાબેન સુરેશભાઇ ચૌહાણ - ગોંદિયા | ૩,૦૦૦ |
| | | માયાબેન અજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૩,૦૦૦ |
| | | મીરાબેન રાજાભાઇ ટાંક - જમશેદપુર | ૩,૦૦૦ |
| | | બિલાસપુર ઘટક - બિલાસપુર | ૬,૦૦૦ |
| | | કુમુદ હીરાલાલ સોલંકી - ઔરંગાબાદ | ૩,૦૦૦ |
| | | દિલીપ ભાણજી ચૌહાણ - રાયપુર | ૩,૦૦૦ |
| | | મનોજભાઇ દેવરામભાઇ ચૌહાણ - રાયપુર | ૩,૦૦૦ |
| | | ભારતી ભવાનભાઇ રાઠોડ - પરભણી | ૩,૦૦૦ |
| ---- | ----- | કુલ | ૩૧,૦૦૦ |

## અંજાર કાર્યાલય

| આવક | (એપ્રિલ ૨૦૨૪) | જાવક | |
|---|---|---|---|
| ----- | ----- | કુરીયર બીલ | ૨૪૦ |
| | | ડીવાઇન સ્ટેશનરી બીલ | ૨૦૬ |
| | | કુલ | ૪૪૬ |

| આવક | (મે-૨૦૨૪) | જાવક | |
|---|---|---|---|
| ----- | ----- | ડીવાઇન સ્ટેશનરી બીલ | ૩૯૦ |
| | | નમસ્કાર ઝેરોક્ષ બીલ | ૩૮૦ |
| | | ડીવાઇન સ્ટેશનરી બીલ | ૨૦૬ |
| | | ગ્રેનાઇટ મોમાય માર્બલ બીલ | ૧,૦૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | શ્રીજી ટાઈલ્સ બીલ | ૨૩,૮૨૦ |
| | | જાગનાથ સ્ટોન બીલ | ૫૨,૭૩૧ |
| | | શૈલેષ મગઢવી - ટાઈલ્સ ફીટીંગ | ૨૦,૦૦૦ |
| | | પ્લમ્બર મજુરી પેટે | ૧૦,૦૦૦ |
| --- | --- | કુલ | ૨,૦૭,૫૨૭ |

| આવક | (એપ્રિલ ૨૦૨૪) | જાવક | |
|---|---|---|---|
| ----- | ----- | ગાયત્રી ગ્રાફીક્સ બીલ | ૮,૦૧૮ |
| | | શૈલેષ મઢવી (ટાઈલ્સ ફીટીંગ ચાર્જ) | ૧૫,૦૦૦ |
| | | તત્કાલ સામાન્ય સભા માટે દોરી - આઈકાર્ડ | ૩,૦૦૦ |
| ---- | ----- | કુલ | ૨૩,૦૪૮ |

આ રીતે મહાસભાની જુદી જુદી લોકોપયોગી યોજનાઓ અને અંજાર તેમજ રાયપુર કાર્યાલયના ખર્ચ અને આવકની વિગત દરેક સમાજબંધુઓને દર માસે મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે. આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - પ્રમુખશ્રી મહાસભા - માધાપર, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તેમજ મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરના સંપૂર્ણ માર્ગદર્શનમાં અને દરેક સમિતિના આદ. પ્રમુખશ્રીઓની મહેનતના ફળ સ્વરૂપ નાણાંકીય વહીવટની બાબતમાં વધુમાં વધુ પારદર્શીતા જળવાય તેવા સુચનોને આવકારીને ભવિષ્યમાં યોગ્ય ફેરફારો સાથે સર્વે સમાજબંધુઓ સમક્ષ મુકવામાં આવશે.

હિતેશભાઇ મગનભાઇ વરૂ - રાયપુર
કોષાધ્યક્ષશ્રી મહાસભા

પાર્થભાઇ જશવંતભાઇ ચાવડા
સહ કોષાધ્યક્ષશ્રી મહાસભા


## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૩-૨૦૨૫ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૩-૨૦૨૫ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહાસભાની કાર્યવાહક સમિતિ સભાની સૂચના

## વારાણસી (ઉત્તરપ્રદેશ)

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ... જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક કોલફીલ્ડ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા વારાણસી ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૭/૯/૨૦૨૭, શનિવાર, સમય : બપોરે ૪.૦૦ થી ૮.૦૦**
**તા. ૮/૮/૨૦૨૪, રવિવારના સવારે ૯.૩૦ થી ૧.૦૦, બપોરે ૩.૩૦ થી ૬.૩૦**
**સ્થળ : વારાણસી (ઉત્તરપ્રદેશ)**

## :: કાર્યસુચી ::

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ મહાસભાના આદ. પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીનું ઉદ્બોધન
★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમારનું ઉદ્બોધન
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી
★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણય
★ પ્રાદેશિક સમિતિ અને મહાસભાની વિવિધ સમિતિના અહેવાલો
★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત
★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**નોંધ :** ઉપરોક્ત સભામાં વિચારણાર્થે કાર્યવાહક સભ્યશ્રીઓ દ્વારા મોકલાવવામાં આવતા સુચનો અને સુઝાવો **(વધુમાં વધુ ત્રણ સુઝાવો પ્રતિ પ્રતિનિધિ)** તા. **૧/૯/૨૦૨૪** સુધી **મહામંત્રી શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆરને મહાસભાના અંજાર કાર્યાલયના સરનામે** મોકલાવવા વિનંતી છે. સભામાં રજુઆત માટે સંબંધિત પ્રતિનિધિએ ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. સુચનો અને સુઝાવોને કાર્યના રૂપમાં કેમ પરિપૂર્ણ કરી શકાય અને તે કરવા આપશ્રીનો શું સહયોગ રહેશે તેવી રૂપરેખા પણ મોકલાવવી જરૂરી છે.

**વિશેષ નોંધ :– મહાસભાની દરેક પ્રાદેશિક સમિતિએ પોતાના વિસ્તારના પ્રતિનિધિઓની મીટીંગ બોલાવી અહેવાલ અને સુચનો લેખીતમાં લાવવા.**

**સરનામું : શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર – મહામંત્રીશ્રી મહાસભા**
**શોપ નં. ૪, બાલાજી ચેમ્બર્સ–૨, હોટલ પાયલ નીચે, પો. અંજાર (કચ્છ–ગુજરાત) ૩૭૦૧૧૦. મો. ૯૯૭૮૭૯૦૪૮૮**

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઈ મોહનલાલભાઈ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**

**:: સંપર્ક સુત્ર ::**

કિશોરભાઈ વાલજીભાઈ પરમાર – પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.સ. – ૯૪૩૧૭૨૫૦૧૦
પિયુષભાઈ મોહનભાઈ વેગડ – મંત્રીશ્રી કોલફીલ્ડ પ્રા.સ. – ૮૨૧૦૨૬૭૨૫૬
બીપીનભાઈ છગનભાઈ મારૂ – પ્રમુખશ્રી વારાણસી ઘટક – ૯૪૧૫૩૦૮૧૪
નિકુંજભાઈ વાઘજીભાઈ રાઠોડ – મંત્રીશ્રી વારાણસી ઘટક – ૯૪૫૫૭૩૮૦૧૮

॥ ॐ શાંતિ ॥

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

સહ વીર્યં કરવાવહૈ



# 'સંજીવની-૫'

*The Lifeline.....*

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## સતત પાંચ સત્રથી સમાજબંધુઓની સેવા-સન્માન સિદ્ધ કરતી મહાસભાની મહત્વકાંક્ષી જનકલ્યાણ યોજના એટલે... '**સંજીવની**'

### સંચાલનની અતિ આવશ્યક સૂચના...

જય સમાજ સહ રામ રામ... આપણા સમાજના આર્થિક દૃષ્ટિએ નબળા સમાજબંધુઓના જીવનમાં 'વણનોતર્યા' અતિથિ બની આવતી પડતી માંદગીરાણી આવા પરિવારના સમસ્ત બજેટને ખોરવી નાખે છે. ક્યારેક તો પોતાના પ્રિય પાત્રની યોગ્ય સારવાર માટે સમાજબંધુ પોતાની બચત, માલ-મિલ્કત, દર-દાગીના, મરણમૂડી સમી અંતિમ આશાને પણ વાપરી નાખ્યા બાદ પણ પોતાના પ્રિય સ્વજનની યોગ્ય સારવાર કરાવવાની આશામાં આર્થિક અભાવથી પૂર્ણ નિરાશામાં ગરકાવ થઇ જાય છે. અંતે તો જેનું કોઇ જ નથી તેના માટે નાત (સમાજ) જ માઇ-બાપ તરીકે આગળ આવે છે અને **એક અંતિમ આશભરી દૃષ્ટિથી સમાજ તરફ મીટ માંડે છે. આવી આશાભરી આંખોમાંથી ટપકતા લાચારીના આંસુનોને લુછવાનો વિનમ્ર પ્રયાસ એટલે જ... મહાસભાની મહત્વાકાંક્ષી યોજના 'સંજીવની'.**

મહાસભાના તત્કાલીન પ્રમુખ સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા - રાયપુરના નેતૃત્વમાંયં 'સંજીવની'ની સ્થાપના થઇ. ''**માંગો ત્યારે મદદ**''ના હિંમતભર્યા સુત્ર સાથે શરૂ થયેલ 'સંજીવની' આજ પંચમ સત્રના મધ્યાહને એટલી જ સક્રિયતાથી સમાજના જરૂરીયાતમંદ પરિવારાને 'સંજીવની' આવેદન પત્ર પૂર્ણ રૂપે ભરાયેલ હોય તો ન્યૂનતમ ત્રણ દિવસ અને અધિકતમ આઠ દિવસમાં નિયમાનુસાર આર્થિક સહાયની રકમ આવેદકના બેંક એકાઉન્ટમાં અચૂક જમાઇ થઇ જાય છે. પ્રતિ માસ રૂા. ૧ થી દોઢ લાખ જેવી માતબર રકમની સહાયતા રાશી ચૂકવવાની થાય છે ત્યારે આનાથી બેવડી રકમ સમાજ પ્રેમી બંધુઓ તરફથી મળી રહે તો જ આવી યોજના સરળતાથી ચલાવી શકાય. આપણા સમાજના સદનસીબે સમાજના સમાજપ્રેમી પરિવારોએ '**સંજીવની સરોવર**' સતત ભરેલું જ રાખ્યું છે. વિગત પાંચ સત્ર (પંદર વર્ષથી) સમાજપ્રેમી સમાજબંધુઓની સુષુમ સંવેદનાઓને સમયસર જાગૃત કરવામાં સફળતા મળી છે. અનેક સમાજપ્રેમી સક્ષમ પરિવારોએ રૂા. ૫૧,૦૦૦ કે તેથી વધુ રકમનો સહયોગ આપી '**સંજીવની-સરતાજ**' પરિવારનું સન્માન પામ્યા છે. તેથી આગળ વધતા રૂા. પાંચ લાખ કે તેથી વધારેનો આર્થિક સહયોગ આપનાર સમાજના પ્રતિષ્ઠિત પરિવારોને '**સંજીવની સમ્રાટ**' સન્માનથી ઓળખવામાં આવે છે.

મિત્રો આજ આપણે ફરીથી એકવાર 'સંજીવની' સહાય વિતરણના નિયમોથી અવગત થઇએ. હજુ પણ કેટલાક મહાસભાના પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, પ્રાદેશિક, ઘટકના પદાધિકારીઓ પાસે 'સંજીવની ૧-૨-૩-૪-૫'નું આવેજન પત્ર પણ નથી. તો આ સ્થળે મહાસભાના પ્રાદેશિક સમિતિના ઘટકના સેવાભાવી પદાધિકારીશ્રીઓને વિનંતી કે આપની પાસે જ્યારે પણ 'સંજીવની' આવેદક આવે ત્યારે પ્રેમથી પૂર્ણ માહિતી આપશો.

'સંજીવની' આવેદન પત્ર પૂર્ણ રૂપે ભરાવશો, આવેદન પત્રમાં ઘટક પ્રમુખશ્રી/મંત્રીશ્રીની સહી એવં સિક્કો અત્યંત આવશ્યક છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે 'સંજીવની' આવેદન પત્રની મૂળ પત્ર (હાર્ડકોપી) અંજાર કાર્યાલયને મળે પછી જ નિયમ અનુસાર સહાયતા રાશિ મુકવામાં આવે છે. માત્ર

વોટ્સએપથી મોકલી અપાતા આવેદન પત્ર પરથી સહાયતા રાશી મુકી શકાતી નથી.

જ્યારે પણ જરૂરીયાતમંદ સમાજબંધુ આપની પાસે આવે ત્યારે પ્રેમપૂર્વક તેમની વાત સાંભળો, તકલીફ સમજો, સરકારી મેડીકલ સહાયતા યોજનાઓથી અવગત કરાવો, આવેદકની જરૂરીયાતની ખરાઇ કર્યા બાદ જ ભલામણ કરાવવા નમ્ર વિનંતી. અરજદારની વાત પ્રેમપૂર્વક સાંભળી, તેમની જરૂરીયાતનો સાચો અને પ્રમાણીક રકમ માટે જ ભલામણ કરવા વિનંતી. 'સંજીવની' યોજના હેઠળ મળતી સહાયતા રાશી માત્ર અને માત્ર આવેદકની મેડીકલ સારવાર અર્થે જ વપરાય તે સુનિશ્ચિત કરવાની પવિત્ર ફરજ ભલામણ કર્તાની બને છે.

:: સંજીવની યોજના અંતર્ગત મળવા પાત્ર સહાયતા રાશી ::

| | | મળવાપાત્ર રકમ |
|---|---|---|
| આવેદકની આવશ્યકતા | ૧,૦૦,૦૦૦ | ૧૦,૦૦૦ |
| | ૨,૦૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| | ૩,૦૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| | ૪,૦૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| | ૫,૦૦,૦૦૦ | ૫૦,૦૦૦ |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર જ સહાયતા રાશી ચુકવવાનું મહાસભાની બંધારણીય બેઠકમાં નક્કી થયેલ હોઇ પ્રત્યેક ભલામણકર્તા સમાજબંધુઓએ આવેદન પત્ર ભરતી વખતે ખૂબજ ચોક્કસાઇ, સાવચેતીથી, આધાર-પૂરાવાની પૂર્ણ ચકાસણી કરીને જ ભલામણ કરવા નમ્ર વિનંતી છે.

**– વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર ઉપપ્રમુખશ્રી મહાસભા, વિશેષ પ્રભારી – 'સંજીવની'**

**'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)**

૫૦૦ શ્રી ચીમનલાલભાઇ રાઠોડ – રાજનાંદગાંવ (લગ્નોત્સવ વર્ષગાંઠ ખુશાલી ભેટ)

૨૦૦૦ (?) (તા. ૩૧-૧-૨૪)

૧૧૦૦ શ્રીમતી રૂચિતાબેન રાજેશભાઇ ચૌહાણ – સીડની (ઓસ્ટ્રેલીયા)
(મહિલા ઉત્કર્ષ સીમતિ-મહાસભા દ્વારા આયોજીત પ્રોજેક્ટ શુલ્કને 'સંજીવની'ને અર્પણ...)

૫૦૦ શ્રી કુનાલભાઇ રમેશભાઇ ચૌહાણ – વડોદરા

૧૧૧૧૧ શ્રી રામભરોસે (માદરે વતન હાજાપર ગામમાં થઇ રહેલ વિકાસ કાર્યોની ખુશાલી ભેટ)

૪૬૦૦ માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલભાઇ જેઠવા – કલ્યાણ (૧૧૦૦+૩૫૦૦)

૨૫૦૦ સ્વ. પિતાશ્રી પરસોત્તમભાઇ ગોપાલભાઇ ચૌહાણની પુણ્ય સ્મૃતિ ભેંટ હ. શ્રી નવિનભાઇ – અંજાર

૫૧૦૦ શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર ચુડાસમા માતાજી દેવસ્થાન – અંજાર
(ખોડિયાર પરિવાર આયોજીત સમુહ ભાગવત નિમિત્તે ખુશાલી ભેટ હ. શ્રી અનિલભાઇ ખોડિયાર – પ્રમુખશ્રી)

૬૦૦૦ શ્રી વલ્લભજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા – આદીપુર (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સ્નેહદાતાશ્રી)

૧૨૦૦૦ શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક – અમદાવાદ (પ્રતિ માસ રૂા. ૧૦૦૦ના સહયોગી દાતાશ્રી)

૨૦૦૦ શ્રી નિતિનભાઇ માધવજીભાઇ વરૂ – રાઉરકેલા (પ્રમુખશ્રી રાઉરકેલા ઘટક, પૂર્વઝોન ચેરમેન 'સંજીવની')
(જન્મદિન ખુશાલી ભેટ)

૧૧૦૦ શ્રી યોગેશભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર – હૈદ્રાબાદ (દક્ષિણ ઝોન 'સંજીવની'ચેરમેન) (જન્મદિન ખુશાલી ભેટ)

૨૧૦૦ શ્રી કિરીટભાઇ રમણીકલાલભાઇ ચૌહાણ – ધનબાદ (ઉપપ્રમુખશ્રી મહાસભા, જન્મદિન શુભેચ્છા ભેટ)

૨૧૦૦ સ્વ. હીરાગૌરીબેન દયારામભાઇ ટાંક – દુર્ગ (પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાસુમન
હ. શ્રી દયારામભાઇ હીરજીભાઇ ટાંક – દુર્ગ)

૫૦૦૦ શ્રી એવં શ્રીમતી ભાવનાબેન હિતેશભાઇ મગનલાલભાઇ વરૂ – રાયપુર (કોષાધ્યક્ષશ્રી મહાસભા)
(લગ્નોત્સવ વર્ષગાંઠ નિમિત્તે શુભેચ્છા ભેટ)

૧૫૦૦ શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા, પ્રમુખશ્રી અંજાર ઘટક)
(જન્મદિન ખુશાલી ભેટ)

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**



શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

# જાહેર અપિલ

સ્નેહી સમાજબાંધવો...

મહાસભાના મૂળભૂત ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ એટલે સમાજના આર્થિક રીતે નબળા પરિવારોના છાત્રોને ઉચ્ચ અભ્યાસ માટે મદદ કરવી. મહાસભાની સ્થાપના બાદ અનુકુળતા અને જરૂરીયાત મુજબ આ ઉદ્દેશની પરિપૂર્તિ કરવામાં આવેલ છે. હાલે શિક્ષણનું મહત્વ અને વ્યાપ ખુબજ વધ્યો છે ત્યારે સમયની માંગ મુજબ છેલ્લા પાંચ સત્રથી મહાસભાની '**અભિલાષા સમિતિ**' શિક્ષણ સહાય આપવાનું કાર્ય સંભાળી રહી છે. આ સમિતિ દ્વારા મહાસભા પ્રમુખશ્રીના નિર્દેશ મુજબ વિશેષરૂપે મેડીકલ, એન્જનિયરીંગ, પોસ્ટ ગ્રેજ્યુએશન, પેરામેડિકલ, ડિપ્લોમા તથા તેને સમકક્ષ ડિગ્રી અને માસ્ટર્સના છાત્રોને વર્ષમાં એકવાર શિક્ષણ સહાય આપવામાં આવે છે.

અભિલાષા સમિતિનું નિયત અરજી પત્રક મહાસભાની **KGK1** એપ્લિકેશનથી પણ ઉપલબ્ધ થશે, તે વાર્ષિક પરીક્ષાના પરિણામ આવ્યા બાદ ભરવાનું રહેશે. અરજીપત્રક સાથે જરૂરી સાધનિક આધારો જોડીને પોતાના ઘટક પ્રમુખ/મંત્રીશ્રી પાસે ભલામણ મેળવવાની રહેશે. નિયત સમયમર્યાદામાં અરજીઓ પ્રાપ્ત થયા બાદ બજેટની જોગવાઈ અને ફંડ અનુસાર આવેલ અરજીઓની ચકાસણી કરી છાત્રોને તેમની શિક્ષણ સહાયની રકમ અરજદારે આપેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવે છે. શિક્ષણ પ્રાપ્ત કરી જીવનમાં પગભર થનાર છાત્રો પાસેથી અનુદાન રૂપે સહાય રકમ પ્રાપ્ત થવાની અપેક્ષા રાખવામાં આવે છે.

શિક્ષણ સહાયની આ રકમનું વિતરણ અભિલાષા સમિતિના સ્થાયી ફંડનું વ્યાજ તેમજ દાન-દાતાશ્રીઓ પાસેથી મળતા અનુદાનની રાશીમાંથી કરવામાં આવે છે. માટે સમાજના ઉદાર દિલ દાતાશ્રીઓ હંમેશા આ સમિતિનું ભંડોળ વધારવા તથા સમાજના નબળા વર્ગના છાત્રોને મદદરૂપ બનવા આગળ આવે તેની અપેક્ષા રાખવામાં આવે છે. આપના દાનની સહર્ષ નોંધ સમાજના તમામ વોટ્સએપ ગ્રુપો તથા મહાસભાના મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ'માં પ્રસિદ્ધ થતી 'અભિલાષા' કોલમમાં લેવામાં આવશે.

હાલે વર્તમાન સત્રમાં **મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**ના માર્ગદર્શન હેઠળ આ સમિતિ કાર્ય કરી રહેલ છે.

વિનિત

**શ્રી વિનોદ લીલાધર ચૌહાણ - ભુજ**

પ્રભારી તથા ઉપપ્રમુખ, મહાસભા

**નોંધ : આપનું દાન ઈન્કમટેક્ષની કલમ ૮૦-જી/૫ હેઠળ કરમુક્તિને પાત્ર છે.**

**આપનું દાન અભિલાષાના નિમ્નદર્શિત બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે.**

State Bank of India (Kacheri Branch - Raipur)
Shri K.G.K. Samaj Mahasabha
A/c No.30646325251
IFSC Code : SBIN 0003314



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ     સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઇ ટાંક - રાયપુર
રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા "Learn & Earn" ૨૦૨૪નો છઠ્ઠો પ્રોજેક્ટ ''ચાઇનિઝ પ્લેટર'' હૈદ્રાબાદના **નિકીતાબેન ખોડિયાર** દ્વારા સફળતાપુર્વક કરવામાં આવેલ.



શ્રીમતી નિકીતાબેન હિતેશભાઇ ખોડિયાર એ નંદાબેન હરીશભાઇ રાઠોડ (રાંચી)ના સુપુત્રી તથા શ્રીમતી નલીનીબેન રમેશભાઇ ખોડિયારના પુત્રવધુ છે. નિકિતાબેનને ગ્રેજ્યુએટ (અકાઉન્ટ ઓનર્સ)નો અભ્યાસ કરેલ છે. નિકિતાબેનને બાળપણથી નિતનવી વાનગીઓ બનાવવાની અને ખાવાની રૂચી હતી અને બધાને પોતાના હાથેથી જુદી જુદી નવી ડિશેસ બનાવીને ખવરાવાનો શોખ છે.

નિકિતાબેન લગ્ન પછી ઓફીસમાં જોબ કરતા હતા અને સંતાન થયા બાદ ઓફીસ મુકીને કોવિડમાં કુકીંગનું આ શોખ ફરીથી ઉજાગર થયો અને એમને ક્લાઉડ કિચન ઓપન કર્યું 'મેજીક હોમ કિચન'. એમાં એમના પતિ અને ફેમીલી મેમ્બર્સ ખુબ સપોર્ટ કર્યો. તેઓ ક્લાઉડ કિચનથી બધા ટાઇપની ડિશેસ બનાવીને સરસથી અર્ન કરે છે.

મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા ફેસબુક પેજથી લાઇવ "Learn & Earn" ના છઠ્ઠા પ્રોજેક્ટમાં નિકિતાબેને ''ચાઇનિઝ પ્લેટર'' તા. ૧૫ જુન શનિવારે ખુબજ સરળતાથી શિખવાડ્યું હતું. જેમાં એમને વેજ મન્ચાઉ સુપ, સ્પ્રીંગ રોલ, શાંઘાઇ રોલ, વેજ મન્ચુરીયન, ક્રિસ્પી બેબી કોર્ન ચીલી, વેજ નુડલ્સ, વેજ સેજવાન રાઇસ ખુબજ સહજતાથી શિખવાડ્યું હતું. ખુબજ સારી રીતે પૂર્વ તૈયારી સાથે સુપર પ્રેઝન્ટેશન સાથે આ બધી જ ડિશેસ શિખવાડીને કીટી પાર્ટીઝ, બર્થડે પાર્ટીઝ, સોસાયટીમાંથી ઓર્ડર્સ લઇને કેવી રીતે સરસથી અર્નિંગ કરી શકાય છે એની મહત્વપૂર્ણ માહિતી આપી કે લોકોની ડિમાન્ડ શું છે ? તેમને શું ગમે છે, શું જોઇએ છે તેનું બરાબર ધ્યાન રાખીએ તો કાંઇ જ મુશ્કેલ કામ નથી.

શ્રીમતી નિકિતાબેનના કહેવા પ્રમાણે રાષ્ટ્રીય મહાસભાના મંચથી આ સુંદર પ્રોજેક્ટ કરવાનો સુઅવસર મળ્યો તેનો ખુબજ આનંદ અને ખુશી વ્યક્ત કરતા નિકિતાબેન મહિલા ઉત્કર્ષ સમિતિને હૃદયથી ખુબ ખુબ ધન્યવાદ આપી આભાર વ્યક્ત કરે છે. રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ ૨૦૨૪થી આ નવા સત્રમાં બહેનોના આર્થિક વિકાસ, આર્થિક ઉત્કર્ષ માટે આત્મનિર્ભર બની સ્વાવલંબી બનવા માટે દર મહિને કુકીંગ, બેકીંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટના લાઇવ વર્કશોપ મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના ફેસબુક પેજ ઉપર લેવામાં આવે છે. આ કોઇપણ ક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધી ધરાવતા એક્સપર્ટ બહેનો માટે આ મંચ ખુલો છે. જરૂરથી સંપર્ક કરશોજી.



મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી નિકિતાબેન જેવા કુકીંગ એક્સપર્ટ હૈદ્રાબાદ જેવી સીટીમાં પોતાનું વિશેષ સ્થાન ધરાવતા ગુણવાન, નિતીવાન, પ્રેમાળ, લાગણીશીલ, સમાજસેવાની ભાવના ધરાવતા... નિખાલસતાથી, સરળતાથી ખુબજ સુંદર રીતે શિખવાડીને આપણા પ્રોજેક્ટને સફળ બનાવતા બહેનને હૃદયથી સેલ્યુટ આપી, શબ્દસુમનોથી બિરદાવી, અભિનંદન આપે છે. તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે, પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

– અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## રાંચી ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાંચી ઘટક દ્વારા કચ્છી નવું વર્ષ અષાઢી બીજ તા. ૦૭-૦૭-૨૦૨૪ના શુભ દિવસે ગુજરાતી સ્કુલના પ્રાંગણમાં ઉજવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ રૂપે રાંચીના સાંસદ અને કેન્દ્રમાં રક્ષા રાજ્યમંત્રી માનનીય શ્રી સંજય શેઠ અને રાંચી ગુજરાતી સમાજના શ્રી ચંદ્રકાન્તભાઇ પધાર્યા હતા.

રાંચી મહિલા મંડળની બહેનો દ્વારા સ્વાગત ગાન દ્વારા સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ રાંચી ઘટકના પ્રમુખ શ્રી દિલીપભાઇ વાઢેર અને અન્ય પદાધિકારીઓ દ્વારા માતાજીની પ્રતિમા રૂદ્રાક્ષની માળા અને શાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન ઘટકના યુવા શ્રી સાગર વાઢેર દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ માન. રક્ષા રાજ્ય મંત્રી દ્વારા સંબોધનમાં આપણા સમાજની પ્રશંસા કરી હતી અને યુવા નેતા શ્રી સાગર કિશોરભાઇ વાઢેરની પણ પ્રશંસા કરી હતી. ત્યાર બાદ આપણા ઘટકના ૮૦ વર્ષથી ઉપર ૨૮ વડીલોનું અને માતાઓનું સન્માન તેમના દ્વારા સન્માન પત્ર, શાલ અને રૂદ્રાક્ષની માળા આપી કરવામાં આવ્યું હતું.

આ અવસરમાં રાંચી મહિલા મંડળ દ્વારા યોગ સ્પર્ધામાં મહિલા દ્વિતીય સ્થાન મેળવવા બદલ દિવ્યાબેન જતીનભાઇ ચાવડાનું ગીફ્ટ અને બુકે દ્વારા સન્માન કરવામાં આવેલ. આ અવસરમાં ઘટકના આજુબાજુના ચંદવા, ખલારી, મેકલુસ્કીગંજ, પતરાનુ, રામગઢ અને હજારીબાગના ભાઇઓ પણ હાજર હતા. આ અવસરમાં સુંદરકાંડનો પાઠ અને લોટરી ડ્રો હંસાબેન



દિલીપભાઇ વાઢેર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

ઘટકના શ્રી દિપાંકર ચૌહાણ, શ્રી લલીતભાઇ રાઠોડ, શ્રી રાજેશભાઇ ચૌહાણ, શ્રી કૃણાલભાઇ ટાંક, રાજેશભાઇ ચાવડા, શ્રી હિતેશભાઇ ચૌહાણ, શ્રી નિલેશભાઇ ચૌહાણ, શ્રી સાયર વાઢેર યુવા મંડળના પ્રમુખ શ્રી જયંત પરમાર, મહિલા મંડળની પ્રમુખ શ્રીમતી મંગલાબેન રાઠોડ, ઝરનાબેન પરમાર, દીપાબેન ચૌહાણ, વનિતાબેન પરમાર, રીતાબેન પરમાર, હેમાબેન રાઠોડ અને યુવતી મંડળની ભુમિકાબેન ચૌહાણ, ભાવનાબેન રાઠોડ, સોનલબેન ચૌહાણ, શીતલબેન ચૌહાણનો સહયોગ મળેલ હતો. કાર્યક્રમનું સંચાલન હિતેશ કેશવજી ચૌહાણ અને વનિતાબેન પ્રદીપભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. રાત્રી સમુહ ભોજન બાદ કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યું હતું.


સૌ
જ
ન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore
(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

## મુન્દ્રા ઘટક

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મુન્દ્રા ઘટક દ્વારા તા. ૦૭-૦૭-૨૦૨૪ અષાઢી બીજના સ્નેહમિલન તેમજ સરસ્વતી સન્માનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઘટકના વડીલ શ્રી દેવસીબાપા, ઘટક પ્રમુખ શ્રી ગિરીશભાઇ ચૌહાણ, મોભી શ્રી ભોગીલાલભાઇ ચાવડા તેમજ સમાજના દરેક કાર્યમાં નિઃસ્વાર્થભાવે સેવા આપતા પરસોત્તમભાઇ જેઠવા તેમજ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રગતિબેન જેઠવા અને યુવા મંડળના પ્રમુખ શ્રી મિતેશભાઇ ટાંક તેમજ અન્ય હોદ્દેદારશ્રીઓએ હાજરી આપી મંચની શોભા વધારી હતી. ત્યાર બાદ દરેક મંચસ્થ મહાનુભાવોનું સાલ ઓઢાડી સન્માન કરેલ.

આ પ્રોગ્રામની શરૂઆત ગૌ પૂજા, માતૃ-પિતૃ પૂજન અને દીપ પ્રાગટ્ય સાથે પ્રાર્થના ગીતથી કરવામાં આવેલ હતી. ત્યાર બાદ બાળકોને પાછલા શૈક્ષણિક સત્ર માટે પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમમાં ઇનામ આપી સન્માન કરવામાં આવેલ. જે બાળકો આ ક્રમમાં સ્થાન ન હતા આવેલ તેમને આશ્વાસન ઇનામ આપી સન્માનિત કરવામાં આવેલ. સાથે સાથે બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુતિઓ રજુ કરવામાં આવેલ.

આખા કાર્યક્રમને પૂર્ણ કરવા માટે જે લોકોએ દાન આપેલ એવા દાતાશ્રીઓ જેમાં મુખ્ય દાતા શ્રીમતી દીપાબેન ભોગીલાલ ભાઇ ચાવડા, મુખ્ય ઇનામના દાતા શ્રીમતી હંસાબેન રાજારામ ભાઇ ટાંક, બાળકોને નોટબુક વિતરણના દાતા શ્રીમતી કુસુમબેન શિવલાલભાઇ ચૌહાણ તેમજ આશ્વાસન ઇનામના દાતા શ્રીમતી કાજલબેન મિતેશભાઇ ટાંક સમાજ સેવાના હેતુથી દાતા તરીકે સેવા આપેલ. જે બદલ સર્વે દાતાશ્રીઓ સન્માન કરેલ. આ સિવાય સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાગ લીધેલ દરેક બાળકોને રોકડ પુરસ્કાર દ્વારા સન્માન કરવામાં આવેલ.




મુન્દ્રા ઘટક દ્વારા એક પહેલ કરી 'સમર્પણ' નામની યોજનાની જાહેરાત કરેલ છે.

જેમાં દરેક જોડલા દિઠ સો-સો રૂપિયા દર મહિને ઉઘરાવવામાં આવશે. જેનો ઉપયોગ ક્યારે પણ આપણા સમાજના કોઇપણ ભાઇઓને અચાનક આવી પડેલ આકસ્મિક પૈસાની જરૂરીયાતને પુરી કરવા માટે થશે. આ યોજના માટે સૌ પ્રથમ ૧૧૦૦૦ની રકમ સાથે શ્રી ભોગીલાલભાઇ ચાવડાએ શરૂઆત કરી હતી. તેવી જ રીતે ઘટક પ્રમુખ શ્રી ગિરીશભાઇ ચૌહાણ અને પુરૂષોત્તમભાઇ જેઠવા દ્વારા રૂા. ૧૦૦૦નું યોગદાન નોંધાવેલ. હજુ આ યોજના ઉપર કામ ચાલુ છે. જે ટુંક સમયમાં કાર્યરત થઇ જશે. આ અષાઢી બીજના કાર્યક્રમને સફળ બનાવવા માટે જે પણ યુવા મંડળના અને મહિલા મંડળના સભ્યોએ મહેનત કરી તે બદલ ઘટકના હોદ્દેદારો એમનો આભાર વ્યક્ત કરે છે. ભવિષ્યમાં પણ આવી જ રીતે સમાજ હેતુથી સારા સારા કામો થાય એ આશા સાથે સૌ છુટા પડ્યા હતા.

## આદિપુર ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા 'વૃહદ વૃક્ષારોપણ પર્વ' તા. ૦૫-૦૬-૨૦૨૪ થી તા. ૨૦-૦૭-૨૦૨૪ સુધી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ. આ બાબતે આદિપુર ઘટક વોટ્સએપ ગ્રુપમાં અપીલ કરેલ કે ઘટકના દરેક સભ્યો, પોતાના ઘરે અથવા ઘરની આસપાસ, સમાજવાડીની આસપાસ અથવા પોતાના કામના સ્થળની આસપાસ વૃક્ષારોપણ જરૂરથી કરે. ઉપરોક્ત અપીલને માન આપી, આદિપુર ઘટકના સભ્યો તેમના ક્ષેત્રમાં વૃક્ષારોપણ કરી, સાથે વૃક્ષોની જાળવણી અને પર્યાવરણની સુરક્ષા કરવાની શપથ લઇ તેમનું યોગદાન આપી રહ્યા છે.

શ્રી ઇશ્વરભાઇ દામજીભાઇ ટાંક, શ્રી દેવાંગ હિમાંશુભાઇ ટાંક,



શ્રી હિમાંશુભાઇ એ. રાઠોડ, શ્રી વલ્લભજીભાઇ પ્રેમજી વાઘેલા, શ્રીમતી કલ્પનાબેન વી. વાઘેલા, કિંજલ સતિષભાઇ ટાંક, શ્રી રશ્મીકાન્ત દામજીભાઇ ટાંક, શ્રીમતી ઉર્મિલાબેન રશ્મીકાન્ત ટાંક, શ્રી અમૃતલાલ ધનજીભાઇ ટાંક, શ્રીમતી ત્રિવેણીબેન એ. ટાંક, આદિપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન નિતિનભાઇ ટાંક, શ્રીમતી ધારાબેન પથિકભાઇ ટાંક, પ્રણવ કુલદીપ પરમારે વૃક્ષારોપણ કરી દરેકે પોતાનું યોગદાન આપેલ. પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીએ આભાર વ્યક્ત કરેલ.

# માધાપર ઘટક

